# બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે ૭૫માં "સંવિધાન દિવસ"ની ઉજવણી















તા. ૨૬/૧૧/૨૦૨૩ ના રોજ ભારતીય સંવિધાનના અમલ માટેની સ્વીકૃતિને ૭૪ વર્ષ પૂર્ણ થવાના અવસરે બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનીવર્સીટી, આણંદના એન.એસ.એસ. યુનિટ દ્વારા "સંવિધાન દિવસ"ની ઉજવણી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ, અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોલેજના વિદ્યાર્થીઓ અમિત વિશ્વકર્મા (પ્રથમ સેમેસ્ટર), હર્ષવર્ધન ભાટી (પ્રથમ સેમેસ્ટર), બિયા પટેલ (ત્રીજુ સેમેસ્ટર), એમી બ્લેસી (ત્રીજુ સેમેસ્ટર) અને ઓમદિપ ઝાલા

(પાંચમું સેમેસ્ટર) દ્વારા સંવિધાનની વિવિધ માળખાકીય અને તેના ગૌરવપૂર્ન ઇતિહાસની ઝાંખી કરાવવામાં આવી હતી. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. સહદેવ લુહાર દ્વારા સંવિધાનની ઉદ્દેશીકાનું વાંચન કરાવ્યું હતું અને સર્વેને ભારતીય બંધારણમાં સૂચવ્યા પ્રમાણે સમાજમાં સ્વતંત્રા, ભાઈચારા, અને સમાનતાના મુલ્યો સાથે જીવન જીવવા માટેની હાંકલ કરી હતી. વિશેષમાં, વિદ્યાર્થીઓને ભારત સરકાર દ્વારા આયોજિત “Read the Preamble” પ્રોગ્રામમાં ઓનલાઈન જોડાવવા માટે જણાવવામાં આવ્યું હતું તેમજ રાજ્ય સભા ટી.વી. પ્રસ્તુત અને શ્યામ બેનેગલ દિગ્દર્શિત “સંવિધાન” ફિલ્મના દસમાં ભાગ ‘From Preamble to the Final Draft and Beyond’ને વિદ્યાર્થીઓને બતાવવમાં આવ્યો હતો.




મુખ્ય
આકર્ષણો
AAU


Constitution Day of India